જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૩/૨૦૧૭ શનિવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**જાહેર નોટીસ પ્રસિધ્ધ કરવા બાબત :-** **સમાચાર યાદી નં.૪૪૯/૧૭**

**ચાંદખેડા પોલીસ સ્ટેશન :**

(૧) ચાંદખેડા પો.સ્ટે.જા.જોગ નંબર ૨૪/૧૭ સી.આર.પી.સી.૪૧(૧)ડી તા.૯/૨/૨૦૧૭ ના કામે ચાંદખેડા પો.સ્ટે.નાં પો.સ.ઇ.શ્રી એચ.બી.ચાવડા નાઓએ આરોપી હરેશભાઇ આસાભાઇ જાતે પટેલ ઉ.વ.૩૪ (રહે.કેશવગંજ, તા.વડાલી, જી.સાબરકાંઠા) નાઓ પાસેથી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ જુના દરની હજારનાં દરની ૨૩૯ નોટો કુલ રૂપીયા બે લાખ ઓગણચાલીસ હજાર (૨,૩૯,૦૦૦/-) કબજે કરવામાં આવેલ છે તથા પાંચસોના દરની ૧૦૦ નોટોના ૧૨ બંડલ તથા પાંચસોનાં દરની ૬૬ નોટો મળી કુલ રૂપીયા છ લાખ તેત્રીસ હજાર(૬,૩૩,૦૦૦/-) આમ કુલ જુની ચલણી નોટો રૂપીયા આઠ લાખ બોત્તેર હજાર (૮,૭૨,૦૦૦/-) કબજે કરવામાં આવેલ છે. જે બાબતે અત્રે પો.સ્ટે.માં મુ.પા.નં.૨૯/૧૭ થી જમા લીધેલ છે.

(૨) ચાંદખેડા પો.સ્ટે.જા.જોગ નંબર ૧૪/૧૭ સી.આર.પી.સી.૪૧(૧)ડી તા.૯/૨/૨૦૧૭ ના કામે ચાંદખેડા પો.સ્ટે.નાં પો.સ.ઇ.શ્રી એમ.એમ.વાઢેર નાઓએ આરોપી સાગરકુમાર ગીરીશકુમાર જાતે રાઠોડ ઉ.વ.૨૩ (રહે.મુ.પો.ઘડી, તા.પાલજ, જી.સાબરકાંઠા) નાઓ પાસેથી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ જુના દરની હજારનાં દરની ૪૫૦ નોટો કુલ રૂપીયા ચાર લાખ પચાસ હજાર (૪,૫૦,૦૦૦/-) કબજે કરવામાં આવેલ છે. જે બાબતે અત્રે પો.સ્ટે.માં મુ.પા.નં.૨૪/૧૭ થી જમા લીધેલ છે.

ઉપરોક્ત તમામ મુદ્દામાલ હાલ ચાંદખેડા પો.સ્ટે.માં જમા છે અને તપાસ ચાલુ છે. જે બાબતે નામદાર કોર્ટને સરકારશ્રીનાં નોટીફીકેશન પ્રમાણે તા.૩૧/૩/૨૦૧૭ નાં રોજ જુની ચલણી નોટો બદલવા કે જમા કરાવવાની અવધી પૂરી થાય છે તો ઉપરોક્ત ચલણી નોટો રિઝર્વ બેંકમાં જમા કરવા અથવા બદલવા માટે યોગ્ય હુકમ કરવા તા.૨/૩/૨૦૧૭ ના રોજ રિપોર્ટ આપેલ જે આધારે નામદાર કોર્ટેનાં હુકમ મુજબ ઉપરોક્ત કબજે કરેલ નાણા બાબતે સદરહુ મુદ્દામાલ સરકારશ્રીમાં જમા લેવા માટે દિન-૩૦ ની મુદતની જાહેર નોટીસ વર્તમાન પત્રોમાં પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૦/૧૭**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૮૬ કેસ કરી, ૭૯ વ્યક્તિઓને ઝડપી, ૩૬૯ લીટર દેશી દારૂ, ૪૪૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૦૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૦૧ કાર, ૧ ઓટોરિક્ષા અને ૧ સ્કૂટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૭૬૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૫૧/૧૭**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૦૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાત :-** **સમાચાર યાદી નં.૪૫૨/૧૭**

**કાલુપુર** : દિલીપભાઇ સુધીરભાઇ (રહે, ઓમ્કાર એપાર્ટ્મેંટ સાંકડીશેરી માણેકચોક) એ તા.૩/૩/૧૭ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૯/૧૬ બપોરના ૨/૦૦ થી તા.૨/૧૦/૧૬ બપોરનાં ૨/૦૦ વાગ્યા દરમ્યાન કાલુપુર રતનપોળ કે.ટી.પ્લાઝા, પેહલા માળે આવેલ દુકાન નં-૧૨૬ માં આરોપી (૧) કિરીટભાઇ સોની અને (૨) રોહીતભાઇ ચૌહાણ (બંને રહે,મોરબી) ભેગામળી દિલીપભાઇને વિશ્વાસમાં લઇ, નેકલેશ નંગ- ૦૮ અને ચેઈન નંગ-૨૦ મળી કુલ ૭૭૯ ગ્રામ સોનાના દાગીના કુલ કિંમત રૂપિયા ૨૪,૦૦,૦૦૦/- મેળવી લઇ નાસી જઇ, દિલીપભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.પી.મેઘલાતર ચલાવે છે.

**લુંટ :-** **સમાચાર યાદી નં.૪૫૩/૧૭**

**સરખેજ** : રાજેશકુમાર બાબુલાલ પારેખ (રહે.શ્રીનંદ નગર વિભાગ-૨ વેજલપુર) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૩/૧૭ રાતના ૧૦/૪૫ વાગ્યાનાં સુમારે સરખેજ બજાર જીતેશ્વરી માતાના મંદીર પાસે આરોપી મુકેશભાઈ ભારાભાઈ ભરવાડ (રહે. ભરવાડવાસ, સરખેજ) એ રાજેશકુમારનાં ભત્રીજા હર્ષીલભાઈનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- તેમજ ખીસ્સામાંથી રોકડ રૂપિયા ૫૦૦૦/- ની લૂંટ કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી ચોધરી ચલાવે છે.

ઉપરોક્ત ગુનાના કામે આરોપી મુકેશભાઇ ભારાભાઇ ભરવાડને સરખેજ પોલીસે તા.૩/૩/૧૭ બપોરનાં ૩/૦૦ વાગે પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૪૫૪/૧૭**

**સોલા હાઇકોર્ટ** : મનુભાઇ હરીભાઇ ગેડીયા (રહે,ઉમા દર્શન બંગ્લોઝ, વંદે માતરમ બંગ્લોઝ, વીશ્વકર્મા મંદીર પાસે, ગોતા, સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૨/૧૭ રાતના ૯/૦૦ થી તા.૩/૩/૧૭ સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન ગોતા વીશ્વકર્મા એસ્ટેટમાં આવેલ શ્યામધામ મંદીરનાં મુખ્ય દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરી, ચાંદીના આશરે બે ફુટની ગોળાઇવાળા ૦૩ છત્તર કિંમત રૂપિયા ૧,૪૦,૦૦૦/- તથા ત્રણ દાનપેટી માંથી રોકડ રકમ આશરે રૂપિયા ૫૫,૦૦૦/- ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એલ.રાજપુત ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>સોનાનો દોરો ખેંચી તોડી લઇ ગયા :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૫/૧૭</u>**

**મણીનગર** : રમેશભાઈ ચેલારામ કેવલાની (ઉ.વ.૫૦)(રહે,સ્વસ્તિક પ્લાઝા, ગોપાલ ચોક, ભૈરવનાથ રોડ, મણિનગર) તા.૨/૩/૧૭ રાતના ૧૧/૩૦ વાગ્યાનાં સુમારે જવાહર ચોક ગ્વાલિયા મીઠાઈની સામે, BRTS ક્રોસ કરી સામેના રોડ ઉપરથી પસાર થતાં હતા દરમ્યાન એક પલ્સર મોટર સાયકલ ઉપર આવેલ ત્રણ અજાણ્યા ઈસમો (૨૦ થી ૨૨ વર્ષના આશરાના) રમેશભાઇ પાસે આવી સરનામુ પુછવાના બહાને રમેશભાઇને રોકી તેમનાં ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૪૫,૦૦૦/- ખેંચી તોડી નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ રમેશભાઇ કેવલાનીએ મણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી સતુભા જોરુભા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫૬/૧૭</u>**

**ખોખરા** : સુનિતાબેન વા/ઓ નારાયણદાસ નાઓની વિધવા પત્ની જાતે-નાગરાણી (ઉ.વ.૬૫)(રહે,સેવા કુંજ સોસાયટી સીયોનનગર ખોખરા) એ તા.૩/૩/૧૭ નારોજ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૮/૨/૧૭ નાં કલાક ૧૧/૪૫ વાગ્યાનાં સુમારે બે અજાણ્યા (૩૫ થી ૪૫ વર્ષનાં આશરાના) સુનિતાબેનનાં ઘરે આવી જણાવેલ કે “આ વિમ પાવડરના લિકવીડથી વાસણ તો સાફ થાય છે ઉપરાંત સોના ચાંદીના દાગીના પણ ચમકદાર થાય છે” તેમ કહેતાં સુનિતાબેને બંને હાથમાં પહેરેલ બે સોનાની બંગડી કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- મતાની સાફ કરવા સારૂ આપતાં, સુનિતાબેનની નજર ચુકવી બંને બંગડીઓની ચોરી કરી લઇ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એસ.સી.પટેલ ચલાવે છે.

**સોલા હાઇકોર્ટ** : રેખાબેન સુદામાભાઇ શ્રીનીવાસ (ઉ.વ.૩૦)(રહે,ગોતા હાઉસીંગ બોર્ડના મકાનમા, હરીઓમ ચોક, ગોતા) તા.૩/૩/૧૭ ના કલાક ૧૧/૩૦ થી ૧૨/૩૦ વાગ્યા દરમ્યાન ચાંદલોડીયા બ્રીજના છેડે થી દુર્ગા સ્કુલ સુધીની ઓટોરિક્ષાની મુસાફરી દરમ્યાન રિક્ષામાં બેસેલ બે અજાણ્યા ઇસમોએ રેખાબેનની નજર ચુકવી તેમનાં પર્સમાં મુકેલ સોનાનું મંગળસુત્ર કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- તથા કાનની સોનાની બે બુટ્ટી કિંમત રૂપિયા ૬,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ અંગેની ફરીયાદ રેખાબેન શ્રીનીવાસે સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે.આ ગુનાની તપાસ પોસઇ.શ્રી એસ.બી.સૈયદ ચલાવે છે.

**નરોડા** : રાજકુમાર ઉતમસિગ ચૌહાણ (ઉ.વ.૩૪)(રહે, શાંતિનિવાસ બિલ્ડીંગ, વિજયમીલની બાજુમાં, નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨/૩/૧૭ રાતનાં ૮/૦૦ થી તા.૩/૩/૧૭ ના કલાક ૨/૩૦ વાગ્યા દરમ્યાન નાના ચિલોડા સી.એન.જી. પેટ્રોલપંપની બાજુમાં સર્વિસ રોડ પાસે પાર્ક કરેલ રાજકુમારની ટ્રકમાંથી કોઇ અજાણી વ્યક્તિ પ્લાસ્ટીકના દાણાની બેગ નંગ-૨૧૬ કુલ કિંમત રૂપીયા ૫,૫૨,૯૬૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એચ.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૪૫૭/૧૭</u>**

**રિવરફ્રન્ટ (ઇસ્ટ)** : નીતીન સુરેશકુમાર રાહેરા (સીંધી)(ઉ.વ.૧૯)(રહે,સિંધી કોલોની ઔડા માર્કેટની પાછળ ગલી નંબર-૩ સરદારનગર) એ કોઇ અગમ્ય કારણસર તા.૩/૩/૧૭ બપોરના ૧/૨૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે ઇન્દ્રીરાબ્રીજની નીચે સાબરમતી નદીના પાણીમાં ડુબી જઇ આત્મહત્યા કરી છે. આ અંગે રિવરફ્રન્ટ(ઇસ્ટ) પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મોતીભાઇ તળજાભાઇ ચલાવે છે

**નાયબ પોલીસ કમિશનર**
**કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)